# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 02-12-2024** **Midday : 2.30 to 2.35**

**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# GUJ. MADHYAHAN BHOJAN

રાજ્યની પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને મધ્યાહન ભોજન ઉપરાંત કેલરી-પ્રોટીનયુક્ત પૌષ્ટિક અલ્પાહાર અપાશે. રાજ્યની સરકારી અને ગ્રાન્ટ ઇન એઇડ પ્રાથમિક શાળાઓના બાળ વાટિકાથી ધોરણ- 8 સુધીના વિદ્યાર્થીઓને પીએમ પોષણ યોજનામાં આપવામાં આવતાં બપોરના ભોજન ઉપરાંત મુખ્યમંત્રીશ્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના હેઠળ પૌષ્ટિક અલ્પાહાર આપવામાં આવશે.

મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના નામાભિધાન સાથે શરૂ થનારી આ નવી યોજના હેઠળ રાજ્યની ૩૨ હજાર ૨૭૭ શાળાના અંદાજે ૪૧ લાખ વિદ્યાર્થીઓને શાળામાં શિક્ષણ કાર્ય શરૂ થાય તે પહેલાં પ્રાર્થના સમયે પૌષ્ટિક અલ્પાહાર પીરસવામાં આવશે. આ માટે વાર્ષિક ૬૧૭ કરોડ રૂપિયાનો ખર્ચ રાજ્ય સરકાર કરશે.

રાજ્યના આદિજાતિ વિસ્તારના 52 તાલુકા તથા બિન આદિજાતી વિસ્તારના 29 વિકાસશીલ તાલુકાઓની સરકારી અને ગ્રાન્ટ ઇન એઇડ પ્રાથમિક શાળામાં બપોરના ભોજન ઉપરાંત દુધ સંજીવની યોજના હેઠળ 200 મિલીગ્રામ ફ્લેવર્ડ દૂધ આપવામાં આવે છે. આવી, 12 હજાર 522 શાળાઓમાં નોંધાયેલા 15 લાખથી વધુ વિદ્યાર્થીઓને બપોર પછીની નાની રિસેસમાં પૌષ્ટિક અલ્પાહાર અપાશે. આ સાથે મધ્યાહ્ન ભોજન યોજનાના માનદ વેતનમાં ૫૦ ટકાનો વધારો કરાશે. વિદ્યાર્થીઓને સપ્તાહ દરમિયાન બપોરના ભોજન પછીની નાની રિસેસમાં સુખડી, ચણા ચાટ, મિક્સ કઠોળ અને જાડા ધાન્યનો પૌષ્ટિક અલ્પાહાર અપાશે..

# Dhandhuka Railway Overbridge

આરોગ્ય મંત્રી અને અમદાવાદ જિલ્લાના પ્રભારી ઋષિકેશ પટેલે આજે ધંધુકા ખાતે નવનિર્મિત રેલ્વે ઓવરબ્રિજનું લોકાર્પણ કર્યું હતું. ૬૫ કરોડ રૂપિયાના ખર્ચે નિર્માણ પામેલા રેલવે ઓવરબ્રિજને ખુલ્લો મૂકતાં શ્રી પટેલે જણાવ્યું હતું કે, આ રેલ્વે ઓવરબ્રિજ અમદાવાદ શહેર અને જિલ્લા ઉપરાંત સૌરાષ્ટ્રથી સુરત અને સુરતથી સૌરાષ્ટ્ર જતા યાત્રીઓ તથા ઉદ્યોગકારો માટે આશીર્વાદરૂપ સાબિત થશે.

રેલ્વે ઓવરબ્રિજના લીધે લોકોનાં ઇંધણ, પૈસા અને સમયની બચત થશે, એમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું. તેમણે જણાવ્યું કે, છેલ્લાં કેટલાંક વર્ષોમાં ધંધુકા અને આસપાસના વિસ્તારોમાં ખેડૂતોને પીવાના અને સિંચાઇના પાણી, વીજળી, આરોગ્ય સેવાઓ સહિત પાકા રોડ રસ્તાની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

# SURAT RAILWAY STATION

સુરત રેલવે સ્ટેશને થનારા વિકાસ કામોને કારણે પ્લેટફોર્મ નંબર 2 અને 3 આગામી 7 ડિસેમ્બર 2024થી 14 માર્ચ, 2025 એમ 98 દિવસ માટે બંધ રહેશે.

સુરત ખાતે થોભતી 180 ટ્રેનોમાંથી 83 ટ્રેનો હવે ઉધના રોકાશે, જ્યારે 66 ટ્રેનોને સુરત ખાતેથી સંચાલિત કરવામાં આવશે. સુરતથી ઉપડતી અથવા ટર્મિનેટ થતી 31 ટ્રેનો પણ ઉધના ખાતે ખસેડવામાં આવશે. પ્રીમિયમ ટ્રેનોને સુરત ખાતેથી સંચાલિત કરવામાં આવશે.

# A’VAD ACCIDENT

અમદાવાદ નજીક દહેગામ- નરોડા હાઈવે પર આજે સર્જાયેલા માર્ગ અકસ્માતમાં બે વ્યક્તિનાં મૃત્યુ થયા છે. એક કાર ડિવાઈડર કુદાવીને રોંગ સાઈડ પર જઈને દ્વિચક્રી વાહન સાથે અથડાતાં વાહન પર સવાર અમિત રાઠોડ અને વિશાલ રાઠોડ નામનાં યુવકનાં ઘટના સ્થળે મૃત્યુ થયા હતા. સ્થાનિક લોકોએ આરોપ મૂક્યો હતો કે, કારનો ડ્રાઈવર નશામાં હતો.

# DIU LION RESCUE

વન વિભાગ દ્વારા દીવના નાગવા રોડ પરના જંગલમાંથી બે સિંહોનું રેસ્ક્યુ કરીને તેમને જસાધાર રેન્જમાં એનિમલ રેસ્ક્યુ સેન્ટરમાં ખસેડવામાં આવ્યા છે.

અમારા દીવના પ્રતિનિધીના જણાવ્યા પ્રમાણે, દીવના નાગવામાં ત્રણ સિંહ ફરતા હોય તેવા વીડિયો વાયરલ થયા હતા, જેથી વન વિભાગે સિંહોને પકડવા માટે અનેક જગ્યાએ પાંજરા મૂક્યા હતા, જે અંતર્ગત, ગઇ રાત્રે બે નર સિંહોને પકડી લેવામાં આવ્યા હતા અને તેમને એનિમલ રેસ્ક્યુ સેન્ટરમાં મોકલાયા હતા. હજુ એક સિંહને શોધવાના પ્રયાસો ચાલુ છે.

# Charotar- school Rifle shooting

આણંદ સ્થિત ચરોતર એજ્યુકેશન સોસાયટીનાં રાઇફલ શૂટિંગ વિભાગની ખેલાડી વૈદેહી પંચાલે રાઇફલ શુટિંગમાં ગુજરાતનું નામ રોશન કર્યું છે. તાજેતરમાં ભોપાલ અને પૂણેમાં રમાયેલી સ્પર્ધામાં વૈદેહીએ મોખરાનું સ્થાન મેળવતાં તે રાષ્ટ્રીય સ્તરે રમવા માટે પાત્ર ઠરી છે. સંસ્થા દ્વારા રાઇફલ શુટિંગનાં ખેલાડીઓની તાલીમ માટે શૂટિંગ રેન્જ બનાવી છે.

# MAHISAGAR SMC RESIGN

મહિસાગર જિલ્લાનાં ખાનપુર તાલુકામાં જાતિના પ્રમાણપત્ર ન મળતાં સ્કુલ મોનિટરીંગ કમિટી-SMCનાં સભ્યોએ રાજીનામા આપ્યા છે. ખાનપુર તાલુકાની 25થી વધુ પ્રાથમિક શાળામાં શાળા સમિતિના સભ્યોએ રાજીનામા આપ્યા છે.

જાતિ પ્રમાણપત્રની માંગને લઈ અગાઉ વિદ્યાર્થીઓએ શિક્ષણનો બહિષ્કાર કર્યો છે. ખાનપુરની મોટા ભાગની પ્રાથમિક શાળામાં આજે 12 દિવસ બાદ પણ બાળકો આવ્યા નથી. આદિવાસી સમાજના લોકો દ્વારા વિવિધ મુદ્દે વિરોધ થઈ રહ્યો છે.

# BHAVNAGAR AIDS DAY

ભાવનગર જિલ્લા ભારત સ્કાઉટ ગાઈડ સંઘ દ્વારા ગઈ કાલે વિશ્વ એઇડ્સ દિવસે પ્રસંગે જન જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. વિદ્યાર્થીઓને એઇડ્સ અંગે શું કાળજી રાખવી તેની પ્રાથમિક માહિતી આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ એઈડ્સના ચિહ્નની પ્રતિકૃતિ બનાવી હતી અને જનજાગૃતિ ફેલાવી હતી.

# MEHSANA RAKTPITT

મહેસાણા જિલ્લા ક્ષય કેન્દ્ર વિભાગ દ્વારા રાષ્ટ્રીય રક્તપિત્ત નિર્મૂલન કાર્યક્રમ અંતર્ગત 12મી ડિસેમ્બરથી 21મી ડિસેમ્બર દરમિયાન રક્તપિત્તના દર્દીઓ શોધવામાં આવશે. જિલ્લામાં રક્તપિત્તના કેસ જે ગામોમાંથી મળી આવ્યા હોય તેવા કુલ 35 ગામોમાં આ સર્વેની કામગીરી કરવામાં આવશે. જેમાં ગામના લોકોના આરોગ્યની ચકાસણી કરાશે. જેથી રક્તપિત્તના

દર્દીની ઓળખ કરી સારવાર આપી શકાય. જિલ્લા કલેકટરે રક્તપિત્તના દર્દીઓ શોધવામાં ગુણવતા યુક્ત કામગીરી થાય તેવી સૂચના આપી છે.